પ્રેસનોટ

અમદાવાદ શહેરમાં તાજેતરમા કેટલાંક જાહેર સ્થળ પર સતર્કતા ગૃપ દ્વારા ટ્રાફિક અવરનેશ અંગે લોકજાગૃતિ બાબતે કેટલાંક પોસ્ટરો લગાવવામાં આવેલ હોય આ ગૃપ દ્વારા પોતાની રીતે અવાર નવાર લોકજાગૃતિના કાર્યક્રમો કરવામા આવે છે. પરંતુ તાજેતરમાં સતર્કતા ગૃપ દ્વારા કેટલાક વિવાદીત પોસ્ટરો લગાવેલા હતા જે પોસ્ટરો અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસના ધ્યાન પર આવતા આ વિવાદીત પોસ્ટરો તુરતજ હટાવી દેવામાં આવેલ અને આ ગ્રુપ ને વિવાદીત પોસ્ટરો નહી લગાડવા સુચના આપેલ છે. આવા ટ્રાફિક અવરનેશ સિવાયના વિવાદીત લખાણવાળા પોસ્ટરો બનાવવા કે લગાવવા બાબતે અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસને સતર્કતા ગૃપ દ્વારા કોઈ જાણ કરવામા આવેલ ન હતી.

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર